ANUBHAVS



# એવો થયો ચમત્કાર ...

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com



*- વૈભવ પોતદાર. નેરળ.*

મારુ નામ વૈભવ વિષ્ણુ પોતદાર છે અને હું નેરુળ - દહિવલી, માથેરાનનો રહેવાસી છું. હું દસ વર્ષનો હતો ત્યારે મારા માથાના અડધા હિસ્સામાં ભારે દુઃખાવો થતો હતો. તે સમયે એક બાબાએ મને આ દુઃખાવામાં રાહત મળે એ હેતુથી 11 શનિવાર સુધી શ્રી હનુમાનજીની પૂજા કરવાનું કહ્યું હતું. ખરેખર 11 શનિવાર સુધીમાં મારા માથાનો દુઃખાવો બંધ જેવો જ થઈ ગયો હતો. ત્યારબાદ પણ હું અનુકુળતા પ્રમાણે શ્રી હનુમાનજીની ભક્તિ કરતો હતો. આ સમય દરમ્યાન એક દિવસ દહાણુ ઉપાસના કેન્દ્રનાં પ્રમુખ સેવક શ્રી જોષીજી અમારા ઘરે આવ્યા હતાં અને તે સમયે હું હનુમાનજીની ઉપાસના કરતો હતો, તે ધ્યાનથી મને જોતા હતાં. થોડીવાર પછી તેમણે મને પૂજ્ય બાપુજી વિષેની માહિતી આપી અને બાપુજીનાં દર્શન કરવાનું કહ્યું.અમે એક ગુરુવારે બાપુજીના દર્શન કરવા માટે ગયાં. બાપુજીનાં દર્શન કર્યા બાદ હું બાપુજીના મંત્ર જાપ કરવા લાગ્યો. જ્યારે હું બાપુજીનાં સૌ પ્રથમવાર દર્શન કરવા માટે બાંદ્રા ગયો હતો અને હજી બાપુજીનાં દર્શન પણ નહોતા કર્યા એ પહેલાં જ જ મારું મન ભક્તિમય બની ગયું હતું. બાપુજીની ભક્તિને કારણે મારા જીવનમાં થયેલાં બે અદભૂત ચમત્કારોની હું અહીં રજુઆત કરુ છું.

હું દર વર્ષે વર્ષાઋતુમાં બિમાર પડતો હતો પરંતુ બાપુજીના દર્શન કર્યા બાદ હું સંપૂર્ણ સ્વસ્થ રહું છું. 15 વર્ષો પછી આ ચમત્કાર જ થયો છે.

લગભગ પંદર દિવસોનાં અંતરે સવારે સૂર્યોદય સમયે જ મારા એક પગમાં ભારે દુઃખાવો થતો હતો. કેટલી બધી દવા કરવા છતાં પણ મને તેમાં રાહત મળતી નહોતી. એકવાર ઓફીસ જતા સમયે આ જ દુઃખાવાને કારણે મારે રસ્તામાં માટુંગા સ્ટેશન પર ઉતરી જવું પડ્યુ હતું. આ સમયે મને મનમાં ને મનમાં બાપુજીનાં મંત્ર જાપ કરવાનો વિચાર આવ્યો અને માટુંગા સ્ટેશનથી ઓફીસ જતા સમયે હું મનમાં બાપુજીનાં મંત્ર જાપ કરવા લાગ્યો અને ખબર જ ના પડી કે કેવો ચમત્કાર થયો ! અનેક દવાઓ કરવા છતાં જે દુઃખાવામાં મને રાહત પણ નહોતી મળતી તે દુઃખાવો બાપુજીના મંત્ર જાપ કરવાથી અચાનક જ સંપૂર્ણ બંધ થઈ ગયો હતો. જે છેલ્લા 15 વર્ષોમાં ક્યારેય ના બન્યું તે આવી રીતે અચાનક જ બન્યું!

પરમ પૂજ્ય બાપુજીને મારા કોટિ કોટિ પ્રણામ !

ANUBHAVS

# HARI OM

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com